CC NO.515-2006

## આંક–૧ નીચે હુકમ

**(૧).** વિ.એ.પી.પી.શ્રીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબની પરવાનગી અરજી તથા વિડ્રો પુરસીસ આપેલ છે. આ કેસમાં આરોપી ઘણાં સમયથી મળી આવતો નથી તેવા શેરા સાથે તેઓના પ્રોસેસ પરત આવેલ છે.

**(૨).** આરોપી વિરુધ્ધ કેસની હકીકત અને સજાની જોગવાઈ અને સરકારશ્રીનું નોટીફીકેશન તથા આ અદાલત ધ્વારા કલેકટરશ્રીને મોકલવામાં આવેલ લીસ્ટ ઉપર વિ.એ.પી.પી.શ્રીએ કરેલ શેરો ધ્યાને લીધા. તેમજ કલેકટરશ્રીએ તેમના પત્ર ક્રમાંક : નં. ડીસી/એડીએમ/મેટ્રો.મેજી કોર્ટ/ લોક અદાલત/ડોરમેટ કેસ પરત/૨૦૨૩, તા.૦૮/૧૨/૨૦૨૩ થી આ કેસો પરત ખેંચવા વિ.એ.પી.પી.શ્રીને મંજુરી આપેલ છે અને તે સંદર્ભે વિ.એ.પી.પી.શ્રીએ અરજીથી તે બાબતની પરવાનગી માંગેલ છે તથા વિડ્રો પુરસીસ આપેલ છે અને તે સંજોગોમાં વિ.એ.પી.પી.શ્રીની અરજી તથા કલેકટરશ્રીના ઉપરોકત પત્ર અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

સદર કેસ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબ પરત ખેંચવાની પરવાનગી આપી સદર કેસ વીડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ આરોપીને ગુનામાંથી બિનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૧. મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ સમય પછી નાશ કરવો.

૨. મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી અપીલ સમય પછી સરકાર ખાતે જમા કરાવવી.

૩. પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન જો અગાઉ હુકમ કરી વચગાળાના સમય માટે કોઈ વ્યકિતને પરત સોંપવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ રાખવામાં આવે છે અને જો આવો કોઈ હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ટર ઓનરને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાતરી કરી પરત આપવુ.

૪. મુદ્દામાલ પિસ્તોલ/તમંચો તથા કારતુસ જીલ્લા શસ્ત્રાગર, અમદાવાદ મુકામે જમા કરાવવા.

૫. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય પછી નાશ કરવો.

સદર હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામ:– અમદાવાદ.
તા.૦૯/૧૨/૨૦૨૩.

(ડી.આર.જોષી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.

કોડ નં. જીજે.૦૦૯૪૫.